**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૪/૦૭/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૧૭**

## હિમતનગરના નામીચા વોન્ટેડ આરોપીને તમંચા સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબની સુચનાથી તાજેતરમાં અમરનાથ યાત્રા ખાતે થયેલ આતંકી હુમલાના કોઇ ઘેરા પ્રત્યાઘાત ન પડે તેમાટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે આપેલ સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમ ઉપરોકત કામગીરીમાં કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે આરોપી **રઇશઅહેમદ @ રઇશ મામુ સ/ઓ ગુલામનબી મામુ (વોરા) ઉ.વ.41 રહેવાસી : હિમતનગર, પોલોગ્રાઉન્ડ, અલીફ મસ્જીદની પાછળ, ન્યુ માયોન હાઇસ્કુલના કોટ પાસે, જી.સાબરકાંઠાને** અમદાવાદ શહેર ખાતેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટના એક તમંચા સાથે ઝડપી પાડેલ છે.

ઉપરોકત રઇશઅહેમદ @ રઇશ મામુ સ/ઓ ગુલામનબી મામુ (વોરા) જે અગાઉ ક્રાઇમ બ્રાન્ચ તરફથી ઝડપી પાડેલ આરોપી હુસેનશા કાળુશા દિવાન નો જોડીદાર છે. આ બંન્ને ઇસમો ગુન્હાહિત ઇતિહાસ ધરાવતા હોય, આ બંન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીથી હિમતનગર ખાતેના બિલ્ડર મજીદ મેમણ પાસે રૂ.2,50,000/ ની ખંડણી માંગેલ હતી જે સબબ ઇકબાલ દિવાન નામના ઇસમે આ બંન્ને ઇસમો વિરૂધ્ધ હિંમતનગ રૂરલ પોલીસ સ્ટેશન માં સેકન્ડ.ગુ.ર.નં.3015/17 ઇ.પી.કો. કલમ 384, 385, 506, 507 મુજબ ફરીયાદ દાખલ કરાવેલ હતી. જેથી આ બંન્ને ઇસમોએ ઇકબાલ દિવાનને ઉપરોકત અદાવતના લીધે અપહરણ કરી માર મારેલ હતો, જે અંગે હિંમતનગર "બી" ડીવીઝન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.46/17 ઇ.પી.કો. કલમ 365, 143, 147, 324 વિગેરે મુજબ ગુન્હો દાખલ થયેલ છે. જે બંન્ને ગુન્હામાં હાલનો આરોપી વોન્ટેડ છે આમ ઇકબાલ દિવાન સાથે ચાલતી અદાવતને લીધે હાલનો આરોપી તથા હુસેનશા કાળુશા દિવાન નાઓએ ભેગા મળી તમચો લાવી ઇકવાલ દિવાનની હત્યા કરવા પ્રયત્નો કરતા હતા. દરમ્યાન હુસેનશા કાળુશા દિવાનને ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ઝડપી જેલના સળીયા પાછળ ધકેલી દિધેલ હતો જેથી હાલનો આરોપી રઇશઅહેમદ @ રઇશ મામુ સ/ઓ ગુલામનબી મામુ (વોરા) પોતે આ તમંચો સાથે રાખી મજીદ મેમણની હત્યા કરવા ફરતો હોય જેને તમંચા સાથે અમદાવાદ ખાતેથી ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડેલ છે.

આ કામનો આરોપી રઇશઅહેમદ @ રઇશ મામુ સ/ઓ ગુલામનબી મામુ (વોરા) અગાઉ આબુરોડથી એક વેપારીનું અપહરણ કરી લુંટ કરી દાંતા પાલનપુર પાસે છોડી દિધેલ હતો જે ગુન્હા સબંધે આરોપી આશરે 100 દિવસ જેલમાં રહી આવેલ છે. તથા પંચમહાલ ના મોરવા હદપ વિસ્તારમાંથી એડવાન્સ પેટે થોડી રકમ ચુકવી ખેડુતોના ટ્રેક્ટર લઇ આવેલ જેને બારોબાર વેચાણ કરી દેતા મોરવા હડપ પોલીસ સ્ટેશનમાં પણ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગાંધીનગર જીલ્લા ખાતે સળીયા ભરેલ ટ્રકના વેપારીને એડવાન્સ ચેક આપી તે ટ્રક લઇ સળીયા વેચાણ કરી દિધેલ બાદમાં ચેક બાઉન્સ થયેલ જેથી આ સબંધે આરોપી વિરૂધ્ધ અડાલજ પોલીસ સ્ટેશનમાં ચીટીંગની ફરીયાદ દાખલ થયેલ છે.

## વહેલી સવારે સોસાયટી તથા એપાટમેન્ટમાં જઇ જે મકાનનો દરવાજો ખુલ્લો હોય, તે મકાનમાં પ્રવેશ કરી મોબાઇલ ફોનોની ચોરી કરનાર ઈસમને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવાઇ રહે તેમજ મિલકત સબંધી ગુન્હઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી કે.ડી. જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે ગોમતીપુર રખીયાલ રોડ પંટેલ મીલ ત્રણ રસ્તા પાસેથી આરોપી પિયુષ ઉર્ફે નાનીયો S/O ગોપાલદાસ હંસરાજભાઇ જાતે ચૌહાણ ઉ.વ.૫૩ રહે, મોટી કડીયાવાડ, વાડીગામ પ્રેમ દરવાંજા પાસે દરીયાપુર અમદાવાદ શહેર નાને તા.૧૩/૦૭/૨૦૧૭ ના રોજ પકડી તેની પાસેથી ચોરીના અલગ અલગ કંપનીનાં એન્ડોઇડ મોબાઇલ ફોન નંગ-૧૫ જેની કુલે કિ.રૂ.૭૩,૦૦૦/- ના મતાના મળી આવતા જે પોતાની માલીકીના હોવા અંગેના કોઇ આધાર પુરાવાઓ નહિ હોવાથી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપી પિયુષ ઉર્ફે નાનીયો S/O ગોપાલદાસ ચૌહાણ નાની સઘન પુછપરછ કરતા જાણવા મળેલ છે કે, સદરી આરોપી ઘણા સમયથી છુટક દરજી કામ કરે છે. સદરી આરોપી અમદાવાદ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં આવેલ સોસાયટી તથા એપાટમેન્ટમાં વહેલી સવારે જઇ જે કોઇ મકાનનો દરવાજો ખુલ્લો હોય, તે મકાનમાં પ્રવેશ કરી પ્રથમ રૂમમાં મોબાઇલ ફોન મુકેલ હોય, જે મોબાઇલ ફોનની ચોરી કરી લઇ નીકળી જતો હતો. અને કોઇ સમયે મકાનમાં પ્રવેશે ત્યારે મકાન માલીક કે ઘરનો કોઇ સભ્ય આવી જાય તો તેમને અન્ય વ્યક્તિ નુ નામ બોલી તેમનુ મકાન છે. તે પ્રમાણે વાત કરી ભુલથી આવી ગયેલ છું. સોરી કહી નીકળી જતો હતો. અને સદરી આરોપી છેલ્લા દોઢેક વર્ષથી નરોડા, કૃષ્ણનગર, ઓઢવ, ઘાટલોડીયા, સાબરમતી, વસ્ત્રાપુર, ચાંદખેડા વિસ્તારમાં વહેલી સવારનાં અલગ અલગ સોસાયટી તથા એપાટમેન્ટમાં જઇ આશરે ૫૦ જેટલા મોબાઇલ ફોનની ચોરી કરેલ. જેમાંથી કેટલા મોબાઇલ ફોનો રસ્તામાં અજાણ્યા રાહદારી ઇસમોને સસ્તા ભાવે વહેચી દીધેલ. તેમજ સદરી આરોપીની સઘન પુછ પરછ કરતાં ચોરીના બીજા મોબાઇલ ફોનો પોતાના ઘરે પણ મુકી રાખેલાનું જણાવતાં સદરી આરોપીને સાથે રાખી તેનાં ઘરની જડતી કરતાં બીજા મોબાઇલ ફોન નંગ- ૧૫ જેની કુલે કિ.રૂ.૮૫,૫૦૦/- ના મતાના મળી આવેલ. અને સદરી આરોપીએ અલગ અલગ કંપનીનાં એન્ડ્રોઇડ મોબાઇલ ફોનોની ચોરી કરી પોતાની પાસે રાખી વેચવા જતાં પકડાય ગયેલ. અને આમ સદરી આરોપી પાસેથી અલગ અલગ કંપનીના એન્ડ્રોઇડ મોબાઇલ કુલ્લે નંગ-૩૦ જેની કુલ્લે કિ. રૂ.૧,૫૮,૫૦૦/- ના કબજે કરવામાં આવેલ છે.

સદરી આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મોબાઇલ ફોનોની તપાસ કરતાં કૃષ્ણનગર, ઓઢવ, ઘાટલોડીયા, સાબરમતી, વસ્ત્રાપુર, ચાંદખેડા પો.સ્ટેશનોમાં મોબાઇલ ફોનની ચોરીનાં કુલ-૧૦ ગુન્હાઓ દાખલ થયેલ છે. જે અન ડીટેકટ ગુન્હાઓને ભેદ ઉકેલવામાં આવેલ છે. અને બાકીના મોબાઇલ ફોનોની આગળની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ. બી.એચ. કોરોટ નાઓ ચલાવી રહે છે.

### ગુન્હાહિત ઇતિહાસ

સદરી આરોપી અગાઉ પણ માધુપુરા પો.સ્ટેશન ખાતે પકડાય ગયેલ ત્યારે ૧૭ ગુન્હા કબુલ કરેલ. જેમાં નારણપુરા, વેજલપુર, એલીસબ્રીજ, ઘાટલોડીયા અને સોલા પોલીસ સ્ટેશનના ગુન્હાઓમાં પકડાયેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ














નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.